ગાંધીનગર સમાચાર

ગરમીનો પારો દોઢ ડિગ્રી ગગડયો પણ બફારો વધ્યો

# સેવાસેતુ કાર્યક્રમને મોળો પ્રતિસાદ પણ આરોગ્ય ચેક-અપમાં સારો ધસારો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમને આજે સૈથી નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. વોર્ડ નં. ૫ અને ૬ માટે યોજાયેલ આ સેવાસેતુ કાર્યક્રમમાં અંદાજે ૧૬૦૦ જેટલા વોર્ડના રહીશો જોડાયા હતા.

આજના આ સેવાસેતુ કાર્યક્રમમાં લોકોએ તેમના બી.પી. ચેક કરાવવામાં તેમજ ડાયાબીટીસ જાણવા માટે વધુ રસ દાખવ્યો હતો. આ ઉપરાંત આયુર્વેદ અને હોમીયોપેથીની સારવારનો પણ લાભ વધુ લીધો હતો.

જો કે દર વખતની જેમ આજના સેવાસેતુ કાર્યક્રમમાં આવકના દાખલા તેમજ આધાર કાર્ડ માટેના કેમ્પમાં લોકો જોડાયા હતા. તંત્ર દ્વારા આ કાર્યક્રમના પ્રચાર પ્રસારમાં કરવામાં ક્ષતિ રહી હોવાની વાતો કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે. સેક્ટરોમાં આ કાર્યક્રમની ઘોષણા કે જાણકારી આપવામાં આવી નથી.

જો કે મનપાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે જુદા જુદા વિભાગોને લગતી ૧૬૪૬ અરજીઓ આવેલ હતી જેમાંથી ૧૬૪૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. મા વાત્સલ્યના ૪૦ કાર્ડ તેમજ આધાર કાર્ડ માટે ૬૦નું રજીસ્ટ્રેશન થયુ હતુ. મોબાઈલ સાથે બેંક લીંકઅપ ઉપર લોકોને આપવામાં આવ્યુ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

આજે સેવાસેતુ કાર્યક્રમમાં ધારાસભ્ય અશોક પટેલ, સ્ટેન્ડીંગ કમનિટીના ચેરમેન મનુભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, કાઉન્સીલરો કાર્તિક પટેલ, પાર્વતીબેન પરમાર, નરેશ પરમાર, નાઝાભાઈ ધાંધર, પ્રવિણાબેન વોરા, પ્રવિણાબેન દરજી, ઉપરાંત ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ ભાજપના હોદેદારો સુરેશ મહેતા, કૈલાશ સથવારા, મધુબેન પ્રજાપતિ, પૂર્વ મેયર હંસાબેન મોદી, વસંતભાઈ રાઠોડ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

ડે. મ્યુનિ. કમિશનર જે.બી. બારૈયા, સીટી ઈજનેર ભરત પંડ્યા, વિનેશ સુથાર, પંડ્યાજી, ટેક્ષ વિભાગના સોની, લીગલ ડિપાર્ટમેન્ટના ધનંજય રહાણે, સેનીટેશનના ચૌધરી, ફાયર બ્રિગેડના મહેશ મોડ, આરોગ્યના હેમાબેન તેમજ અન્ય અધિકારીઓ પણ સેવાસેતુમાં હાજર રહ્યા હતા.



વકીલોના દેખાવો - ગાંધીનગર કોર્ટના વકીલોએ લૉ-કમિશન દ્વારા રજૂ કરાયેલ બીલ નંર ૬૬ના વિરોધમાં વકીલોએ સૂત્રોચ્ચાર કરી બીલની હોળી કરી હતી... દિવસ દરમિયાન કામથી અળગા રહી આક્રોશ વ્યક્ત કર્યો હતો...

# શહેરમાં લૉ-કમિશનના બીલના વિરોધમાં વકીલો દ્વારા દેખાવો

ગાંધીનગર તા ૨૧

લો કમિશનના બીલના વિરોધમાં વકીલોએ આજે કોર્ટ કાર્યવાહીથી અળગા રહયા હતા. જયારે કોર્ટ સંકુલ બહાર એકત્રિત થયેલા ૩૦૦થી વધુ વકીલોએ બીલ પાછું ખેંચવાની માંગ સાથે ઉગ્ર સુત્રોચ્ચાર કરી જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કર્યુ હતુ.

લો કમિશન બિલ વકીલોની વિરુધ્ધનુ હોવાના ઉગ્ર આક્રોશ સાથે વકીલોએ આજે કોર્ટ સંકુલ બહાર એકત્રિત થઈ ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતા. બીલ પાછુ ખેંચવાની પ્રબળ માંગ સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર એનાયત કરાયુ હતુ. ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ રણધીરસિંહ વાઘેલાએ આ અંગે જણાંવ્યા મુજબ લો કમિશન દ્વારા એડવોકેટ એક્ટ ૧૯૬૧ ના સુચિત સુધારાઓનુ બિલ વકીલોના સ્વતંત્ર વ્યવસાયને બાનમાં લેવા તદન ખોટુ અને લોકશાહી વિરુધ્ધનુ છે. વકીલાતના વ્યવસાયના વિરુધ્ધના આ બીલના વિરુધ્ધમાં વકીલોએ અગાઉ કોર્ટ કાર્યવાહીથી અળગા રહીને વિરોધ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# ગરમીનો પારો દોઢ ડિગ્રી ગગડયો પણ બફારો વધ્યો

## મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રી નજીક : ભેજનુ પ્રમાણ વધતા બફારાની અસરથી બેચેની અનુભવતા નગરજનો : સાંજે સુસવાટા મારતા પવનથી ઠંડક પ્રવર્તી

ગાંધીનગર તા ૨૧

શહેરમાં ઉનાળો આકરો બનતા નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા છે. પરંતુ છેલ્લા બે દિવસથી ગરમીના મિજાજમાં અનોખો બદલાવ જોવા મળી રહયો છે. મહત્તમ તાપમાનમાં દોઢ ડી ગ્રીનો ઘટાડો થવાની સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધ્યુ છે. જેના લીધે આજે દિવસ દરમિયાન નગરજનોએ બફારાનો અનુભવ કર્યો હતો. જયારે મહત્તમ તાપમાનમાં ગિરાવટ જોવા મળી હતી. ગરમીનો પારો ગગડીને ૪૦.૬ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. જયારે સવારે ભેજનુ પ્રમાણ વધીને ૬૭ ટકા નોંધાયુ હતુ. સાંજના સમયે સુસવાટા મારતા પવન સાથે વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા બે સપ્તાહથી ગરમીની મોસમ નિખરી છે. ગરમીનો પારો ૪૪ ડી ગ્રીને પાર થતા નગરજનોએ આકાશમાંથી વરસતા અંગારાના લીધે ચામડીના દાહ અનુભવ્યા હતા. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીને પાર રહેતા નગરજનો ગરમીમાં શેકાઈ રહયા છે. ગરમીએ નગરને ગિરફતમાં લેતા જનજીવન પણ પ્રભાવિત થયુ છે. દિવસ દરમિયાન નગરના માર્ગોપર ગરમીની મોસમની અસર વર્તાઈ રહી છે. જયારે શોપિંગ વિસ્તારમાં પણ સન્નાટો જોવા મળી રહયો છે. જો કે આજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો.ગરમીનો પારો દોઢ ડી ગ્રીને ગગડીને ૪૦.૬ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. જેના લીધે ગરમીના પ્રમાણમાં અંશત : રાહત અનુભવી હતી. પરંતુ વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધતા આકાર તાપમાં રાહતની સાથે નગરજનોએ વાતાવરણમાં બફારો અનુભવ્યો હતો. દિવસ દરમિયાન નગરજનો બફારાના લીધે પરસેવે ભીંજાયા હતા. વરસાદી દિવસો પુર્વે અનુભવાતા બફારાના લીધે નગરજનોએ બેચેની અનુભવી હતી. ગરમીના પારાની ગિરવટ સાથે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધુ રહયુ હતુ. આજે સવારે ભેજ ૬૭ ટકા અને સાંજે ૩૦ ટકા રહયો હતો. જેમાં સવારના ભેજની ટકાવારી વિશેષ રહેતા દિવસ

● અનુસંધાન પાન-૭ પર



ખાત મુહુર્ત - ગાંધીનગર જિલ્લાના કોલવડાથી ઉવારસદ માર્ગનું ખાતમુહુર્ત સરઢવ ખાતે યોજાયું હતું... સરઢવ કાળહરણી માતાના મંદિરથી કોલવડા જલુંદથી સરઢવ અને આસપાસના ગ્રામીણ વિસ્તારોને જોડતા ૪.૬ કરોડના ખર્ચે નિર્માણ થનાર માર્ગોનું ખાતમુહૂર્ત ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલના હસ્તે કરાયું હતું.

# અરણ્યભવનની ખોટવાતી ‘લિફ્ટ’ ટોક ઓફ ધી ટાઉન બની

## લફ્ટની સમસ્યાથી હવે કર્મચારીઓ અને મુલાકાતીઓ ત્રાહિમામ્ : કર્મચારીઓ પણ તેમાં બેસતાં ગભરાય છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં આવેલ અરણ્યભવનની કચેરીમાં લિફ્ટની સમસ્યાથી હવે કર્મચારીઓ અને મુલાકાતીઓ ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે પણ સત્તાવાળાઓ આ અંગે કોઈ જ અસરકારક પગલાં ન લેતાં સમગ્ર શહેરમાં આ ભવનની અસુવિધાઓ ટોક ઓફ ધી ટાઉન બની છે.

અરણ્યભવન એ સચિવાલય સંકુલ જવા માટે ચ-૩ થી શરૂ થતા નીતિ માર્ગ પર આવેલ સરકારી સંકુલ છે. અહિ બાયોડાયવર્સીટી ઉપરાંત વન તંત્રની કચેરીઓ કાર્યરત છે.

વારંવાર લિફ્ટ ખોટકાઈ જવાની ઘટના કદાચ આ સંકુલમાં એટલી બધી વખત નોંધાઈ છે કે હવે તંત્રના કર્મચારીઓ પણ તેમાં બેસતાં ગભરાય છે. મુલાકાતીઓ અટવાઈ પડ્યાની વાતો પણ વારંવાર બહાર આવવા પામી છે.

કોર્પોરેટ લુક ધરાવતા આ સંકુલની અસુવિધાઓ અસહ્યતાની હદ પણ વટાવી ચુક્યા છે. આ માટે વારંવાર તંત્રના અધિકારીઓ સમક્ષ રજુઆતો પછી પણ તેનો કોઈ જ ઉકેલ ન આવતાં હવે આ મુદ્દો પાટનગરમાં ટોક ઓફ ધી ટાઉન બની ગયો છે.

# પંચાયતી રાજ દિવસની ઉજવણીમાં પંચાયતના બે સભ્યો ઝારખંડ ભાગ લેવા જશે

ગાંધીનગર, તા. ૨૧

પંચાયતી રાજ દિવસની ઝારખંડ ખાતે થનારી ઉજવણીમાં ભાગ લેવા માટે ગાંધીનગર જિલ્લા પંચાયતના બે સભ્યોને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતના બે યુવા સભ્યો ભાવિનસિંહ માનસિંહ ઠાકોર તેમજ નરેશજી ઠાકોરની આ માટે પસંદગી કરવામાં આવી છે. ૨૪મી એપ્રિલે તેવો ઝારખંડ પહોંચી અને પંચાયતીરાજ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. ગત વર્ષે પંચાયતી રાજ દિવસની ઉજવણી દરમ્યાન ગાંધીનગર જિલ્લા પંચાયતને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો જે ઉલ્લેખનીય છે.

# રાહુલ ગાંધી ૧લી મેએ ગુજરાતના પ્રવાસે આવશે

ગાંધીનગર, તા. ૨૧

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આગામી ૧લી મે એ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે અને ડેડીયાપાડા ખાતે કોંગ્રેસ દ્વારા યોજવામાં આવેલી આદિવાસી અધિકાર રેલીનું સમાપન કરાવી જનસભાને સંબોધશે. ગુજરાત કોંગ્રેસ દ્વારા અંબાજીથી આદિવાસી અધિકાર યાત્રા કાઢવામાં આવી છે. આ યાત્રા ૧લી મે ના રોજ ડેડીયાપાડા ખાતે પહોંચશે. જ્યાં યાત્રાનું સમાપન થશે.

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ થતાં નગરજનો ત્રસ્ત

## સે-૩ સી માં પણ છેલ્લા બે દિવસથી લાઇટો ડુલ : સાંજ ઢળતા જ અંધારપટ્ટ

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા રહીશો સાંજ ઢળતા જ અંધારપટ્ટ વચ્ચે હાલાકી વેઠી રહયા છે. સેકટરોમાં છેલ્લા ત્રણ મહીનાથી એલ ઈ ડી લાઇટો ફીટ કરાયા બાદ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોનો અંત આવતો નથી. નવા સેકટરોના રહેણાંક વિસ્તારમાં જ રાત્રિના સમયે અંધારુ છવાઈ જાય છે. સે-૩ સી માં પણ બે દિવસથી લાઈટો ડુલ રહેતા રહીશોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

શહેરમાં એલ ઈ ડી લાઇટોનો પ્રોજેક્ટ અમલી બન્યા બાદ પણ સેકટરોમાં લાઈટો ડુલ રહેવાની ફરિયાદો હજુ નિવારી શકાઈ નથી. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટા બંધ રહેતી હોવાનો કકળાટ સતત કાને અથડાય છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં વારંવાર સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના પરિણામે સેકટરવાસીઓમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. અગાઉ પણ સ્ટ્રીટ લાઈટોની જાળવણીનુ કામ ટોરેન્ટ પાવર પાસે હતુ ત્યારે પણ સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો આમ નાગરિકોના રોષનુ કારણ બની હતી. શહેરમાં ૪૦ ટકા જેટલા થાંભલાઓ બંધ રહેતા હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો હતો. જો કે એલ ઈ ડી લાઈટોના ફીટીંગ બાદ પણ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદોમાં કોઈ ઘટાડો થયો નથી. સેકટરોના આંતરિક વિસ્તારમાં વારંવાર લાઈટો બંધ થઈ જતા સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં અંધારુ છવાઈ જાય છે.

ખાસ કરીને નવા સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા રહીશોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આકરી ગરમીના દિવસોમાં નગરજનો સાંજના સમયે વોકીંગ અર્થે નિકળે છે. ત્યારે મોડી સાંજથી જ સેકટરોમાં અંધારપટ્ટ છવાતા નાગરિકો દિશા વિહોણાં બને તેવી સ્થિતિ સર્જાય છે. સે-૩ સી માં પણ રહેણાંક વિસ્તારમાં છેલ્લા બે દિવસથી લાઈટો બંધ છે. સાંજ ઢળતા જ અંધારાની સમસ્યાથી મહીલાઓ અને બાળકોમાં ભયની લાગણી વ્યાપે છે.





**ભાડે જોઈએ છે**
SHOP/SHOW ROOM
Long term leaseથી
MNC / Bankને
500-2000 Ft. Carpet
Reliance Cross Road, Infocity, Sector-6
The Space 9328701440
9328801440

**સ્ટાફ જોઈએ છે**
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત
શ્રી જે.એમ.ચૌધરી શૈક્ષણિક સંકુલ
એસ.ટી.વર્કશોપની સામે, સેકટર-૭, ગાંધીનગર-મો.૯૪૨૭૩૭૫૩૭૫
Shree J.M.Chaudhari English Medium School
- B.Sc./M.Sc., B.Ed.Maths & Science
- B.A./M.A,B.Ed.,English (Main)& S.S.
- B.A./ M.A., B.Ed.,Sanskrit (Main)& English
- Pre-Primary Teacher Montessori Trained
- Art and Carft Teacher –Fine Arts Degree

Preference to Candidates Having Experience, Studied Throughout English Medium Institutes. Inevitably Send your application, Along with certified Xeroxed Copies of Mark Sheets and certificates to the Principal, Before 29/04/2017(Saturday)(Bring your original certificates and mark sheets inevitably on the date of interview)
Interview Date : 02/05/2017 (Tuesday) Time : 9.30 am onwards
Venue : Principal's office
શ્રી જે.એમ.ચૌધરી સ્કૂલ ઓફ સાયન્સ
M.Sc.B.Ed.(BIOLOGY) -01, M.Sc.B.Ed.(Maths)-01
M.A. B.Ed.(English/Sanskrit)-01
BCA/PGDCA(લાયકાત-ક્લાર્ક,ટેલીના જાણકાર) -01
શ્રી.જે.એમ.ચૌધરી સાર્વ. માધ્યમિક અને ઉ.મા.વિદ્યાલય
B.Sc., B.Ed.-01, B.A., B.Ed. (English ) 01
પ્રાથમિક વિદ્યાલય
B.Sc., B.Ed.-01, B.A.,B.Ed. (Gujarati / P.T.C.) 01
સ્કૂલ/કોલેજ હોસ્ટેલ
- હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ : ૦૨ (નિવૃત હાઈસ્કૂલ આચાર્યા અથવા ગૃહમાતા તરીકે ૧૦ વર્ષનો અનુભવ)
- ગૃહમાતા : ૦૫ (નિવૃત શિક્ષિકા-ટ્રેઈન્ડ- ગ્રેજ્યુએટ અથવા ગૃહમાતા તરીકે પાંચ વર્ષનો અનુભવ)

નોંધ : સબંધિત ઉમેદવારોએ તા. ૨૯-૦૪-૨૦૧૭ સુધીમાં ઉપરોક્ત સરનામે સંપર્ક નંબર અને અસલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ સાથે અરજી કરવી
લાયકાત અને અનુભવ મુજબ સારો પગાર આપવામાં આવશે

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com